દિવ્ય ભાસ્કર

અમદાવાદ 15-07-2021

જ્વેલર્સને હોલમાર્ક કરાવવામાં 2થી3 સરકારે પ્રત્યેક જ્વેલરી આઈટમ માટે તેન

| | |
|---|---|
| | 81.26 |
| યેન | 67.75 |
| યુઆન | 11.55 |
| ડોલર | 55.78 |

| | તફાવત |
|---|---|
| ▲ | 0.25% |
| ▲ | 0.26% |
| ▲ | 0.24% |
| ▲ | 0.21% |
| ▲ | 0.23% |
| ▲ | 0.22% |

બી

ા શેર

| | તફાવત |
|---|---|
| | 20.00% |
| | 20.00% |
| | 18.19% |
| | 17.97% |
| | 17.71% |

શેર

# કંપનીના વાર્ષિક રિપોર્ટમાં અધૂરી જાણકારી જોખમી

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

નિફ્ટીની 250 કંપનીઓના વાર્ષિક રિપોર્ટમાં અધૂરી જાણકારી આપવામાં આવતી હોવાથી તેમાં ઝડપી સુધારા કરવાની જરૂર હેવાનું સેબીના પૂર્વ ચેરમેન એમ. દામોદરને જણાવ્યું હતું. સેબીએ આ અંગેના ધોરણો વધુ કડક બનાવવા જોઇએ. દામોદરન દ્વારા સ્થાપિત કંપની કોર્પોરેટ ગર્વનન્સ કંપની એક્સિલેન્સ અનેબલર્સના રિપોર્ટ અનુસાર શેરધારકો એવી આશા રાખતા હોય છે કે કંપની તેમાં વિસ્તારથી માહિતી આપશે. પરંતુ તેમાં પણ કેટલીક માહિતીને છૂપાવવામાં આવે છે.

રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે, એક તરફ બોર્ડ અને સમિતીઓ અંગે જાણકારી આપવામાં આવે છે પણ બીજી તરફ મીટિંગમાં હાજરી, મિટીની સંચરના અને કમિટીના સભ્યોમાં બદલાવ અંગે વિશેષ માહિતી નથી હોતી. વધુમાં કંપનીના મેજનેમેન્ટની સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓના પગાર-ભથ્થા અંગે પણ પારદર્શકતાનો અભાવ રહ્યો છે. કંપનીની કામગીરીની તેઓના વેતન પર શું અસર થઈ તે સ્પષ્ટ થતું નથી. પરંતુ આમાં પણ સુધારા કરવા જરૂરી છે. વાર્ષિક અહેવાલમાં ઓડિટર્સને નોન- ઓડિટર્સની કામગીરી માટે કેટલુ પેમેન્ટ કરાયું તેની માહિતી નથી અપાતી. કંપની સેક્રેટરી સદર્ભમાં ઓડિટર્સનો રિપોર્ટ એટલો ચોખ્ખો હોય છે કે કંપનીમાં કોઈ જ ભૂલ થતી નહીં હોય એવું લાગે. આ માહિતી બુલેટ્સ પોઈન્ટમાં પણ આપી શકાય, જેથી લોકોને સમજવામાં સરળતા પડે.